GJCU060017902025

<u>વાદીની આંક–૫ વાળી મનાઈ અરજી લગત હુકમ</u>

(૧). દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી, કામચલાઉ મનાઈ હુકમની અરજીનો જવાબ તથા દાવા અરજીનો લેખિત જવાબ તથા વાદીઓ તરફે રજુ કાઉન્ટર એફીડેવીટ વંચાણે લીધા.

(૨). વાદી પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે, તા. ૦૮/૦૧/૧૯૮૨ ના રોજ રજીસ્ટર વેચાણથી દસ્તાવેજથી ગુજરાત ગ્રામ નિર્માણ બોર્ડ ગાંધીનગરના નિયુકત પ્રતિનીધી ધ્વારા શ્રી મુળરાજસિંહજી નરસિંહજીના કુલમુખત્યાર નરસિંહજી હિંમતસિહંજી છોટા ઉદેપુર નઓ પાસેથી રૂા. ૨૦,૦૦૦/– માં કવાંટ ગામમાં કસબાની જમીન વિસ્તારમાં આવેલ સ.નં. ૭૧ હે.આરે.ર.૨૦.૨૫(૨૮૦૩ ચો.મી.) જેટલી જમીન વેચાણ રાખવામાં આવેલી તે પહેલા આ જમીન શ્રી મુળરાજસિંહજી નરસિંહજીનાએ તા. ૨૪/૧૨/૧૯૮૧ ના રોજ તાલુકા વિકાસ અધિકારી છોટા ઉદેપુર નાઓના હુકમથી સદર જમીન એન.એ. કરાવી ત્યારબાદ સદર જમીન શ્રી મુળરાજસિંહજી નરસિંહજીનાએ તા. ૦૮/૦૧/૧૯૮૨ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગરના નિયુકત પ્રતિનિધીનાઓને આપેલ ત્યારબાદ ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર નાએ મધ્યમ આવક જુથના સભ્યો માટે મકાન બનાવવાની યોજના અન્વયે મકાન ગોઠવણી નકશો ગામ કવાંટ જી. છોટા ઉદેપુર નાનો કાર્યપાલક ઈજનેર ધ્વારા બનાવડાવી તેમા કુલ ૧ થી ૨૦ પ્લોટ મધ્ય આવક જુથના સભ્યો માટેનો નકશો તથા તેનો માપ અને દરેક પ્લોટનો કુલ માપ ૪૯.૫૬ ચો.મી. રાખી એવા ૨૦ પ્લોટની યોજના બનાવી તેમાં ૨૬.૫૦ તથા ૨૬.૫૦ ચો.મી. માપના બે કોમન પ્લોટો સોસાયટીની આગળ રાખવામાં આવેલા આ સોસાયટીનુ નામ શ્રીનાથજી સોસાયટી રાખવામાં આવેલ અને આ સોસાયટીમાં રહેતા તમામ ૨૦ સભ્યોની સુવિયા જેમ કે પ્લોટ હોલ્ડરો પૈકી કોઈપણ સભ્યના ઘરે કોઈ પ્રસંગ હોય તે અંગે તથા સોસાયટીના સભ્યનુ કોઈ કાર્યક્રમ હોય તેમા તમામ સભ્યએ આ કોમન પ્લોટો ભેગા મળી વાપરવાના હેતુથી ગુજરાત

ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર નાએ તેમની યોજના અનુસાર ઉપરોત જમીન રાખી તેમાં ૨૦ પ્લોટ હોલ્ડરોને બે કોમન પ્લોટ સહિત શ્રીનાથજી સોસાયટીમાં ફાળવી આપવામાં આવેલા ત્યારથી અમો વાદીઓનો ફાળવી આપેલા પ્લોટો પર કબજો ભોગવટો અને માલીકી હકક રહેલ છે અને તે હકકે અમો સદર જગ્યા પર રહીએ છીએ અને જે પ્લોટ પર મકાનો બનાવવામાં આવેલા તે તમામ મકાનોને કવાંટ જુથ ગ્રામ પંચાયત મિલકત રજીસ્ટરે ચડાવવામાં આવેલા છે અને પ્લોટ હોલ્ડર વાઈસ તમામને કવાંટ ગ્રામ પંચાયતે આકારણી કરી અને આકારણી પત્રકે તમામ પ્લોટોના મિલકત નંબર જેના તેના નામે ફાળવવામાં આવેલા છે તે રીતે કવાંટ ગ્ર ામ પંચાયતના આકારણી રજીસ્ટરે ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગરનાએ તમામ ૨૦ પ્લોટ હોલ્ડરોની સુવિધા માટે જે કોમન પ્લોટ નંગ. ૨ ૨૬.૫૦ તથા ૨૬.૫૦ ચો.મી. ના જે કોમન પ્લોટ નકશામાં રાખેલ છે ત કોમન પ્લોટ પણ કવાંટ ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટરે ચડાવવામાં આવેલા છે.

આમ ઉપર જણાવ્યા મુજબની રીતે અને તમામ ૨૦ પ્લોટ હોલ્ડરોના પ્લોટની માલીકી તથા કોમન પ્લોટની માલીકી શ્રીનાથજી સોસાયટીમાં રહેતા તમામ પ્લોટ હોલ્ડરોની કાયદેસરની ગણાય છે તેમાં હાલના પ્રતિવાદીઓનો કોઈપણ પ્રકારનો કોઈપણ જાતનો લાગભાગ કે હકક હિસ્સો કે અન્ય કોઈપણ રીતે હીત સબંધ નહી હોવા છતા હાલમાં આ કામના તમામ પ્રતિવાદીઓ જે શ્રીનાથજી સોસાયટીના ૨૦ પ્લોટ હોલ્ડરો (વાદીઓ) ને ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર ધ્વારા ફાળવવામાં આવેલ તેમની સુવિધા માટે બે કોમન પ્લોટો ઉપર આ તમામ પ્રતિવાદીઓ તેમના માણસો ધ્વારા બળજબરી કરી સદર પ્લોટ વાળી જમીન જે હાલમાં કવાંટ ગામના મધ્ય વિસ્તારમાં રોડટચની કિંમતી જમીન હોય આ જમીનમાં આ અગાઉ પણ સદર જમીન પચાવી પાડવા માટે આ પ્રતિવાદીઓએ તેમના વાહનો તથા અન્ય વાહનો શ્રી નાથજી સોસાયટીના સદર કોમન પ્લોટમાં પાર્ક કરી કરાવી ગેરકાયદેસર રીતે બળ વાપરી વાદીઓને ચેનકેન પ્રકારે દબાવી અને સદર કોમન પ્લોટ વાળી જમીન પચાવી પાડવાના હેતુથી હાલમાં તા. ૧૪/૦૭/૨૦૨૫ હેતુથી સદર કોમન પ્લોટ વાળી જમીનમાં ટ્રેકટર વડે પથ્થર ગ્રેવલ નંખાવી દઈ અમો તમામ વાદીઓને અડચણ ઉભી કરી કરાવી અને વગવાપરી સદર કોમન પ્લોટની જમીન પચાવી પાડવાના હેતુથી કરી રહયા હોય જેથી સદર કોમન

પ્લોટવાળી અમારી જમીનના હકકનુ રક્ષણ કરવા સદર દાવો દાખલ કરી અને દાવાનો નિકાલ ન થાય ત્યા સુધી પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવા હાલની અરજી કરી **અરજ કરેલ છે કે,** મોજે કવાંટ, તા. કવાંટ, જી. છોટાઉદેપુર મુકામે આવેલ સ.નં. ૭૧ હે.આરે. ૨.૨૦.૨૫ (૨૮૦૩ ચો.મી.) જેટલી જમીનમા શ્રીનાથજી સોસાયટી આવેલ છે. તેમા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણબોર્ડ ગાંધીનગર ધ્વારા પાડવામા આવેલ કોમ પ્લોટ નંગર ૨૬.૫૦ તથા ૨૬.૫૦ વાળી જમીન જે દાવાની વિષયવસ્તુ છે તેમા આ કામના પ્રતિવાદીઓ કે તેમના નોકરો ચાકર કે એજન્ટ સદર અરજવાળી મિલ્કતમા પ્રવેશ કરે કે કરાવે નહી કે સદર અરજવાળી મિલ્કતનો વાપર ઉપભોગ અને ઉપયોગ કરતા કે સદર મિલ્કતમા કંમ્પાઉન્ડ વોલનુ બાંધકામ કરતા કે અન્ય કોઈ પણ જાતની કામગીરી કરતા હાલના કામના પ્રતિવાદીઓ કે તેમનજા નોકર ચાકર કે એજન્ટો વાદીઓને રોકે કે રોકાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ અપાવવા તેમજ આ કામના પ્રતિવાદીઓ ધ્વારા સદર દાવાળા કોમન પ્લોટમા હંગામી રીતે રેતી, કાંકરા, પથ્થર નાંખી કબજો જમાવેલ છે તે પ્રતિવાદીઓ ધ્વારા કરવામા આવેલ કબજો દુર કરવા તેમજ ન્યાયની બીજી હરકોઈ દાદ અપાવવા તેમજ અરજનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલી છે.

(૩). વાદીઓના કામચલાઉ મનાઈ હુકમની અરજી અંગે પ્રતિવાદીઓને નોટીસ કાઢવામાં આવતા પ્રતિવાદીઓ જાતે હાજર થયા છે અને પ્રતિવાદીઓએ **આંક – ૦૭** થી વાદીઓના દાવા તથા કામચલાઉ મનાઈ અરજનો સંયુકત લેખિત જવાબ રજુ કરી, વાદીઓની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજની કબુલ કર્યા સિવાયની હકીકતોનો તેઓએ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. વધુમાં **<u>પ્રતિવાદીઓએ પોતાની સત્ય હકીકતે જણાવેલ છે કે,</u>** દાવા વાળો સ.નં.મોજે. કવાંટના સર્વે નં. ૭૧ પૈકી નવો સર્વેનં. ૯૯ વાળી કુલ જમીન હે.આરે.એ. ૨–૩૦–૦૦ વાળી આવેલી છે. જે જમીનના માલીક મેજર મુળરાજસિંહ નરસિહજી ચૌહાણ નાએ તા. ૨૨/૦૭/૧૯ ૮૩ ના રોજ શાહ શર્મિષ્ઠાબેન નવીનચંન્દ્ર નાઓને જેતપુર પાવી સબ રજીસ્ટાર કચેરીએ અનુક્ર મ નં. ૫૬૫ થી વેચાણ દસ્તાવેજથી રૂા. ૧૦૦૦/અ નો અવેજ લઈને જમીન માલીકની આવેલી જમીન (ઓનર્સ લેન્ડ) પુર્વ પશ્રિમ લંબાઈ ૧૦ મીટર, ઉત્તર દક્ષિણ પહોળાઈ ૩૫ મીટર કુલ ૩૫૦ ના સુમારની જમીન રજીસ્ટર વેચાણ કરી આપેલ. તે બાદ સદર જમીનના

માલીક શર્મિષ્ઠાબેન નવીનચંન્દ્ર શાહ નાઓએ અમો પ્રતિવાદી નં. ૪ અને ૫ ના માતા જનકબેન દીલીપસિંહ ને તા. ૦૫/૧૦/૨૦૦૧ ના દિને રૂા. ૫૨,૫૫૧/– માં વેચાણ આપેલજે વેચાણ દસ્તાવેજમાં શ્રીનાથજી બાંધકામ મંડળના તા. ૦૭/૦૪/૧૯૮૪ ના ઠરાવ નં. ૧ પ્રમાણે જુનો નકશો રદ બાતલ કરી સર્વે નં. ૭૧ પૈકી નવો સર્વે નં. ૯૯ પૈકીની જમીનમાં આવેલ રસ્તો જોતા તે રસ્તો મુખ્ય રસ્તાથી ત્રાસો જઈ ફંટાઈ જતો હોવાથી મંડળના રહીશોને તકલીફ પડે તેમ હોવાથી અગવડતા સગવડતાની દ્રષ્ટીએ નવો નકશો બનાવી જુના રસ્તામાં જતી જમીન દક્ષીણ છેડે ૧૫×૫ અને ઉત્તરે છેડાની ૧૫×૫ ની મંડળના સર્વાનુમતે ઠરાવ કાયમી ધોરણે માલીકી હક્કે આપવામાં આવેલી આ જમીન અંગે અગવડતા સગવડતાની દ્રષ્ટિએ શર્મિષ્ઠાબેન શાહ ના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૫૬૫ ના દસ્તાવેજથી જમીન કુલ ૩૫૦ ચો.મી. આપવામાં આવેલ છે તેના બદલે શર્મિષ્ઠાબેનને હાલ ૪૩૪.૮૪ ની જમીન માલીકી ધોરણે આપવામાં આવેલ છે ત્યારથી સદરહું જમીન શર્મિષ્ઠાબેન શાહ ના કબજે છે તે ચો.મી. ૪૩૪.૮૪ પૈકી જનકબેનને પુર્વે–પશ્રિમ લંબાઈ ૨૨ મીટર દક્ષીણ તરફ તથા પુર્વે પશ્રિમ લંબાઈ ઉત્તર તરફ ૧૬.૫૦ તથા પહોળાઈ ઉત્તર દક્ષીણ ૧૩.૭૫ ના ચો.મી ૨૬૪.૬૭ જેનો ચો.ફુટ ૨૮૪૮ વાળી વેચાણથી આપેલી. તે બાદ સદર જમીનમાં માલીક શર્મિષ્ઠાબેન નવીનચંન્દ્ર શાહ નાઓએ અમો પ્રતિવાદી નં. ૧ ના પતિ ભરતકુમાર પુષ્પસિંહ પુવાર ને તા. ૦૫/૧૦/૨૦૦૧ ના દીને રૂા. ૩૪,૫૫૧/– માં વેચાણ આપેલ જે વેચાણ દસ્તાવેજમાં શ્રનિાથજી બાધકામ મંડળના તા. ૦૭/૦૪/૧૯૮૪ ના ઠરાવ નં. ૧ પ્રમાણે જુનો નકશો રદ બાતલ કરી સર્વે નં. ૭૧ પૈકી નવો સર્વે નં. ૯૯ પૈકી જમીન માં આવેલ રસ્તા જોતા તે રસ્તો મુખ્ય રસ્તાથી ત્રાસો જઈ ફટાઈ જતો હોવાથી મંડળના રહીશોને તકલીફ પડે તેમ હોવાથી અગવડતા સગવડતની દ્રષ્ટીએ નવો નકશો બનાવી જુના રસ્તામાં જતી જમીન દક્ષીણ છેડે ૧૫×૫ અને ઉત્તર છેડાની ૧૫×૫ ની મંડળના સર્વાનુમતે ઠરાવ કરી કાયમી ધોરણે માલીકી હકકે આપવામાં આવેલી જમીન અંગે કોઈ નાણાકીય વ્યવહાર કરવામાં આવેલ નથી આ જમીન અગવડતા સગવડતા ની દ્રષ્ટીએ શર્મિષ્ઠાબેન શાહ ના રજીસ્ટાર વેચાણ દસ્તાવેજ નં. ૫૬૫ ના દસ્તાવેજથી જમીન કુલ ૩૫૦ ચો.મી. આપવામાં આવેલ છે તેમના બદલે શમિષ્ઠાબેનને હાલ ૪૩૪.૮૪ ની જમીન માલીકી ધોરણે આપવામાં આવેલ છે ત્યારથી સદરહુ જમીન

શર્મિષ્ઠાબેન શાહના કબજે છે તે ચો.મી. ૪૩૪.૮૪ પૈકી ભરતસિંહને પુર્વે પશ્રીમ લંબાઈ ૧૪.૭૫ મીટર દક્ષીણ તરફ તથા ઉત્તર તરફ ૧૦ મીટર તથા પહોળાઈ ઉત્તર દક્ષીણ ૧૩.૭૫ મીટર ના ચો.મી. ૧૭૦.૧૭ જેના ચો.ફુટ ૧૮૩૧ વાળી વેચાણથી આપેલી. જેની ચુ:સીમા પૂર્વે કડીપાણી રોડ, પશ્રિમે શ્રીનાથજી બાંધકામ મંડળ ના મકાનો, ઉત્તરે અભ્યરાજ સોસાયટીમા જવાનો ૧૦ મીટર લાંબો અને ૫ મીટર પહોળો રસ્તો અને દક્ષિણે શ્રીનાથજી બાંધકામ મંડળનો રસ્તો છે. ઉપરોકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદીએ સદર મિલ્કતના કાયદેસરના માલીક અને કબજા ભોગવટેદાર છે તથા સરકારી રેકર્ડ પ્રતિવાદીના નામો માલીકી અને કબજા ભોગવટા હકકે ચાલે છે જેથી વાદીઓ જણાવે છે તેવા કોઈ કોમન પ્લોટ ની જમીન આ દાવાવાળી જગ્યા ઉપર આવેલ જ નથી જેથી વાદીનો દાવો તથા કામ ચલાઉ મનાઈ હુકમ અરજ રદ થવાને પાત્ર છે. તેમ જણાવી વધુમાં જણાવેલ છે કે, વાદીએ દાવા સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામા વાદીઓને ગુજરાત ગ્રામ નિર્માણ બોર્ડ તરફથી જે જગ્યા ફાળવણી કરવામા આવેલ છે તેમા પ્રતિવાદીઓની જમીન ફાળવેલ નથી કે, વાદીઓને તેમની જમીન સાથે કોઈ લેવા દેવા નથી. વાદીઓને જે જમીન ૨૮૦૩ ચો.મી. આપવામા આવી તે જમીનમા તેમના મકાનો બનાવી દેવામા આવેલા જેથી તેઓને કોઈ કોમન પ્લોટ ની જમીન ખાલી રાખવામા આવેલ નથી કે, કોમન પ્લોટની મજની વાદીઓનીી માલીકી કે કબજા ભોગવટાની છે નહી, પરંતુ તિવાદીની જમીનમા ગેરકાયદેસર રીતે વાદીઓ કોમન પ્લોટ બતાવી તેઓની મિલ્કત પડાવી લેવા હાલનો દાવો તથા મનાઈ અરજ લાવેલ જે રદ થવાને પાત્ર છે. વાદીએ હાલનો દાવો તથા કામ ચલાઉ મનાઈ હુકમ અરજ સત્ય હકીકતો છુપાવી ના. કોર્ટને અંધારામા રાખી લાવેલા હોય જે રદ થવાને પાત્ર છે, સમન્યાયની દાદના સિધ્ધાંત મુજબ દાદ મેળવનારે સ્વચ્છ હાથે કેસ રજુ કરવો પડે સી.પી.સી. ઓર્ડર–૩૯(૧)(૨) ના આવશ્યક તત્વો વાદીએ જણાવેલા નથી, વાદીએ દાવાની આકારણી ખોટી રીતે કોર્ટ ફી ભરવામાથી છટકી જવાનો પ્રયાસ કરેલ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમા છે, વાદી માંગે છે તે મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવામા આવે તો વાદીઓ ખોટી અને ગેરકાયદેસર રીતે પ્રતિવાદીઓની મિલ્કતમા પ્રવેશી તેઓ કમ્પાઉન્ડ વોલ બનાવી દે અને પ્રતિવાદીની માલીકી કબજા ભોગથવટાની જમીન વાદીઓ પડાવી લે છે. દાવાના

અંતે પરત લેવા માટે વધુ દાવા દુવી કરવા પડશે અને પ્રતિવાદીઓને ઘણો મોટો ખર્ચ થશે. વાદીએ પ્રતિવાદી નં.૨ તથા ૩ ને ખોટી રીતે જોડીને ના. કોર્ટમા લઈ આવેલા છે, જેથી પણ વાદીને તેઓની સામે ખોટા દાવા કરવા બદલ વળતર પેટે રૂા. ૨૫,૦૦૦/- પ્રતિવાદીને ચુકવે વેતો હુકમ કરવા અરજ ગુજારેલી છે, જેથી વાદીનો દાવો તથા કામ ચલાઉ મનાઈ હુકમ અરજ ખર્ચ સહીત રદ કરવા તથા પ્રતિવાદીઓને થયેલ ખર્ચ વાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલી છે.

(૪). વાદીઓને પ્રતિવાદીઓએ આપેલ મનાઈ અરજનો જવાબ તથા તેમાં જણાવેલ મનાઈ અરજના જવાબની સત્ય હકીકતો વાદીઓને કબુલ મંજુર ના હોઈ વાદીઓએ આંક-૧૨ થી વળતું સોગંદનામું રજુ કરી પ્રતિવાદીઓએ મનાઈ અરજીના જવાબમાં જણાવેલ તમામ હકીકતો ની ઈન્કારી કરેલ છે અને વાદીઓએ માંગેલ દાદ મેળવવા વાદીઓ હકકદાર ન હોવાનું જણાવેલ છે.

(૫). વાદી તરફે તેમના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે :-

અ.નં.	નિશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧	૩/૧	મોજે ગામ કવાંટના, સર્વે નં. ૭૧ વાળી જમીનના એન.એ.ના હુકમની ઝેરોક્ષ નકલ	૨૪/૧૨/૧૯૮૧
૨	૩/૨	મોજે ગામ કવાંટના, સર્વે નં. ૭૧ વાળી જમીનના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ની નકલ	૦૮/૦૧/૧૯૮૨
૩	૩/૩	ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા મકાન બનાવવાની યોજનાનુ નકશાની ઝેરોક્ષ નકલ	૨૫/૦૨/૧૯૮૨
૪	૩/૪ થી ૩/૨૨	શ્રીનાથજી સોસાયટીના મિલકત નંબરોની પંચાયતના વેરા પાવતીની ઝેરોક્ષ નકલો	--
૫	૩/૨૩ અને ૩/૨૪	તકરારી જગ્યા ના ફોટોગ્રાફસ	--
૬	માર્ક૧૩/૧	નાયબ કલેકટરશ્રી છોટા ઉદેપુર નાએ તેમના નં./જમીન/વશી/૧૧૧૪/૨૦૦૧ ના રોજ તાલુકા વિકાસ અધિકારી કવાંટને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ	૦૭/૦૪/૨૦૦૧
૭	૧૩/૨	રજીસ્ટર વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ	૩૦/૦૮/૨૦

			૦૭

(૫.૧). પ્રતિવાદીઓ તરફે તેમના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે :-

અ.નં.	નિશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧	૮/૧	વેચાણ દસ્તાવેજ નં. ૫૬૫ ની ઝેરોક્ષ નકલ	---
૨	૮/૨	વેચાણ દસ્તાવેજ નં. ૪૬૭ ની ઝેરોક્ષ નકલ	---
૩	૮/૩	વેચાણ દસ્તાવેજ નં. ૪૬૮ ની ઝેરોક્ષ નકલ	---
૪	૮/૪	ઠરાવ નં. ૧ ની નકલ	---
૫	૮/૫	ગામ નમુનો નં. ૬ હકકપત્રક ના નોંધ નં. ૧૭૪૧ ની નકલ	---
૬	૮/૬	ગામ નમુનો નં. ૬ હકકપત્રક ના નોંધ નં. ૧૭૪૮ ની નકલ	---

(૬) સદર કામે વાદીઓ તર્ફે આંક-૧૪ થી લેખિત દલીલ રજુ કરી દલીલ કરવામાં આવેલ છે કે, જે દલીલમાં વાદી દ્વારા મુખ્યત્વે તેઓની દાવાની હકીકત પુનરાવર્તન કરેલ છે અને ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા ૨૦ પ્લોટો તેમજ બે કોમ પ્લોટો સોસાયટીના રહીસોના ઉપભોગ માટે બનાવવામા આવેલ છે. જે બન્ને કોમન પ્લોટોનુ માપ ૨૬.૫૦ ચો.મી. તથા ૨૬.૫૦ ચો.મી. વાદી તરફે રજુ નકશામા દર્શાવવામાં આવેલ છે. જે જણાવી સદર કોમન પ્લોટો સોસાયટી હોલ્ડરોએ રહીસોનો છે તેમ જણાવી આ કામના પ્રતિવાદી દ્વારા ખોટી રીતે તે જગ્યામાં બાંધકામ કરવાની પેરવી કરવાનો પ્રયત્ન કરવામાં આવતા હાલનો મનાઈ અરજ કરી પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાનો નિકાલ ન થાય ત્યા સુધી મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

સદર કામે પ્રતિવાદીઓ તર્ફે મૌખિક દલીલો કરી દલીલ કરવામાં આવેલ છે કે, વાદીઓની દાવાવાળી જમીન ૨૮૦૩ ચો.મી. ઉપરાંત ની જમીન અમોએ કાયદેસર વેચાણ દસ્તાવેજ અવેજ આપી ખરીદ કરેલી છે. વાદી દ્વારા જે સી.ઓ.પી. તરીકેના બે પ્લોટો

બતાવવામા આવેલા છે તે અમારી માલીકીના છે જેથી વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીના લાભમા નથી. તેમજ હાલની અરજી નામંજુર કરવામા આવે તો વાદીઓને કોઈ નાણામા ન ચુકવી શકાય તેવુ નુકશાન જવાની શકયતા ન હોય જે બાબતોને ધ્યાને લઈ હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલી છે.

(૭). ઉપરોકત અરજીના ગુણદોષ અને નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ અગવડની સમતુલ્લા વાદી પક્ષે છે ?

(૩) શું મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાઓના જવાબ તથા આ અંગેના કારણો નીચે મુજબ છે:–

(૧) **અંશત: હકારમાં,**

(૨) **અંશત: હકારમાં,**

(૩) **અંશત: હકારમાં,**

(૪) **આખરી હુકમ મુજબ...**

(૯). ઉપરોકત મુદ્દા માહેમાંના મારા કારણો નીચે મુજબ છે.

: કા ર ણો :

<u>મુદ્દા નં.૧ થી ૪</u>:–

સદર કામે મુદ્દા નં. ૧ થી ૪ એક બીજા સાથે સંકળાયેલા હોય હકીકતોનુ પુનરાવર્તન ટાળવા સારુ મુદ્દા નં. ૧ થી ૪ ની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦). સદર કામે વાદી તર્ફે રજુ માર્ક ૩/૧ અને ૩/૨ વાળા દસ્તાવેજો જોતા મોજે કવાંટ ના

રેવન્યુ સર્વે નં. ૭૧ વાળી જમીનમાંથી ૨૮૦૩ ચો.મી. જમીન તા. ૨૪/૧૨/૧૯૮૧ ના રોજ તાલુકા વિકાસ અધિકારી છોટા ઉદેપુર નાઓના હુકમથી એન.એ. થયા બાદ તા. ૦૮/૦૧ /૧૯૮૨ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર નાઓએ કાયદેસર અવેજ આપી ખરીદ કરેલ છે તે હકીકત બિન તકરારી છે.

માર્ક ૩/૩ વાળા વાદી તર્ફે રજુ નકશો જોવામાં આવે તો ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર નાઓએ ખરીદેલ ૨૮૦૩ ચો.મી. વાળી જમીનમાં કુલ ૨૦ પ્લોટો પાડી મધ્યમ આવકના લોકોને વેચાણથી આપેલ છે આ હકીકત પણ બિન તકરારી છે. તકરાર ફકત માર્ક ૩/૩ વાળા નકશામાં ૨૬.૫૦ તથા ૨૬.૫૦ ચો.મી. નો બે કોમન પ્લોટો ખુલ્લી જગ્યા તરીકે દર્શાવવામાં આવેલ છે તે વાદીના કહ્યા મુજબ તે શ્રી નાથજી સોસાયટીના સભ્યો માટે કોમન જગ્યા છે જયારે પ્રતિવાદીના કથન મુજબ તે જગ્યા ૨૮૦૩ ચો.મી. ઉપરાંતની છે અને પ્રતિવાદીએ તે જગ્યા કાયદેસર અવેજ આપીને ખરીદ કરેલી છે.

આ કામે પ્રતિવાદી તર્ફે આંક – ૦૭ નો જવાબ અને માર્ક ૮/૧ વાળા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જોતા સર્વે નં. ૭૧ પૈકી નવો સર્વે નં. ૯૯ વાળી જમીન પૈકી પૂર્વ પશ્રિમ લંબાઈ ૧૦ મીટર ઉત્તર દક્ષીણ તરફ પહોળાઈ ૩૫ મીટર એમ કુલ ૩૫૦ ચો.મી. જમીન તા. ૨૨/૦૭/૧૯૮૩ ના રોજ જમીનના માલીક મેજર મુળરાજસિંહ નરસિંગસિંહ ચૌહાણનાઓએ શર્મિષ્ઠાબેન શાહ ને વેચાણથી આપેલ ત્યારબાદ માર્ક ૮/૨ વાળા દસ્તાવેજ જોતા શર્મિષ્ઠાબેન શાહ નાઓએ જનકબેન દીલીપકુમાર પુવાર નાઓને તા. ૦૫/૧૦/૨૦૦૧ ના રોજ વેચાણથી આપેલ છે ત્યારબાદ માર્ક ૮/૩ વાળા વેચાણ દસ્તાવેજ જોતા શર્મિષ્ઠાબેન શાહ નાઓએ ભરતકુમાર પુષ્પસિંગ પુવાર નાઓને તા. ૦૫/૧૦/૨૦૦૧ ના રોજ ૧૭૦.૧૭ ચો.મી. જમીન વેચાણથી આપેલ છે.

વાદી તર્ફે રજુ માર્ક ૧૩/૧ વાળા દસ્તાવેજ જોવામાં આવે તો ન્યાય કલેકટર નાઓએ શરત ભંગ થયેલ હોવાનુ જણાવેલ કાયદેસર કાર્યવાહી શર્મિષ્ઠાબેન શાહનાઓએ કરેલ વેચાણ બાબતે કરવા માટે તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખેલ છે પરંતુ શરત ભંગના

કારણે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવો કોઈપણ દસ્તાવેજ બંન્ને પક્ષકારો તર્ફે રજુ થયેલ નથી.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ તકરારી કોમન ઓપન પ્લોટ વાદીઓની સોસાયટીના ૨૮૦૩ ચો.મી. વાળી જમીનમાં આવેલ છે કે તે જમીન સિવાયની જમીનમાં આવેલ છે તે હકીકત બાબતે કોઈ પણ સર્વેયરનો માપણી રીપોર્ટ કે સરકારી નકશો કોઈપણ પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી બંને પક્ષો તકરારી જમીનના કયા હિસ્સા ભાગના માલિક અને કબ્જેદાર છે તે હકીકત હાલના તબકકે નકકી થઈ શકે તેમ ન હોય, પરંતુ સંયુકત હિસ્સેદાર હોવાની પ્રથમ દર્શનીય હકીકત વાદીઓ ધ્વારા પુરાવા રજુ કરી સાબિત કરવામાં આવેલ હોય, જેથી વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે, તેવુ મારૂ માનવુ છે.

(૧૧). તકરારી જગ્યામાં પ્રતિવાદી ધ્વારા બાંધકામ કરતા હોવાની હકીકત સ્પષ્ટ જણાઈ આવે છે. તેવા સંજોગોમાં બંને પક્ષકારો તકરારી જમીનની યથાવત સ્થિતી જાળવી રાખે તેમજ કોઈ કાયમી બાંધકામ ઉભુ ન કરે તેવો હુકમ કરવામાં આવે તો સગવડતાની સમતુલા જળવાય તેમ છે, તેમજ હાલના તબકકે જો પ્રતિવાદી ને કાયમી સ્વરૂપનુ બાંધકામ કરતા અટકાવવામાં ન આવે તો નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન વાદીઓને થાય તેમ છે તેમજ વાદીને મલ્ટી પ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સમા ઉતરવુ પડે તેમ છે અને જો સ્ટેટસ્કો મેનટેઈન કરવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેવુ જણાઈ આવતુ ન હોય, **મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અંશત: હકારમાં આપી, મદ્દા નં. ૪** અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

: હુ ક મ :

- આ કામના વાદીઓની **આંક–૫** ની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી અંશત: મં જુર કરવામાં આવે છે.
- બંને પક્ષકારોએ મોજે કવાંટ જી. છોટા ઉદેપુર ના સર્વે નં. ૭૧ વાળી જમીનમાં પાડવામાં આવેલ શ્રી નાથજી સોસાયટી ના પ્લોટો અને કવાંટથી હાફેશ્વર જતો હાઈવે રોડ વચ્ચેના ખુલ્લી જગ્યા (બે કોમન પ્લોટો ૨૬.૫૦ ચો.મી અને ૨૬.૫૦ ચો.મી.) વાળી તકરારી

જમીન ની સ્થિતી સદરહુ દાવાના અંતિમ નિર્ણય સુધી યથાવત જાળવી રાખવી, તેવો હુકમ કરવામાં આવે છે.

– વધુમાં અરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

સ્થળ : કવાંટ.
તારીખ: ૨૧/૧૧/૨૦૨૫.

(કપિલ રાજમણી યાદવ)
પ્રિન્સીપાલ સિવિલ જજ,
કવાંટ.(જી. છોટાઉદેપુર)
[GJ01421]